

# વારાણસી મોદી સમર્થકોથી છલકાયું

## ભાજપના શક્તિ પ્રદર્શન, મોદીના રોડ શોથી રાજકીય પક્ષો હચમચ્યા : અમિત શાહ અને અરૂણ જેટલી બાજી સંભાળી : વારાણસી સંપૂર્ણપણે ચૂંટણી અખાડામાં ફેરવાયું : ડીએમ પ્રાંજલ યાદવની હકાલપટ્ટીની જોરદાર માંગણી

વારાણસી, તા.૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી જ્યાંથી ચૂંટણી મેદાનમાં છે તે વારાણસી લોકસભા બેઠકને લઈને હજુ પણ તમામની નજર કેન્દ્રિત થયેલી છે. વારાણસીમાં આજે જોરદાર શક્તિ પ્રદર્શન ભાજપે કર્યું હતું. સવારથી લઈને બપોર સુધી ભાજપે વિરાટ શક્તિ પ્રદર્શન કર્યું હતું જ્યારે સાંજે નરેન્દ્ર મોદીએ રોડ શો યોજ્યો હતો જેમાં લોકો ઉમટી પડ્યા હતા. વારાણસી હિન્દુ યુનિવર્સિટીથી રોડ શોની શરૂઆત થઈ હતી. આ રોડ શો ભાજપ ઓફિસ સુધી આગળ વધતા તેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. વારાણસી હિન્દુ યુનિવર્સિટી નજીક મોદીનું હેલિકોપ્ટર ઉતર્યુ હતું. વારાણસીમાં નરેન્દ્ર મોદીને રેલીની મંજુરી ન મળતા આજે ભાજપના કાર્યકરોએ જોરદાર શક્તિ પ્રદર્શન કરીને તાકાતનો પરિચય આપ્યો હતો. માત્ર વારાણસીમાં જ નહીં બલ્કે દિલ્હીમાં પણ ચૂંટણી પંચની સામે દેખાવો કરવામાં આવ્યા હતા. આ શક્તિ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અરુણ જેટલી અને નરેન્દ્ર મોદીના નજીકના વિશ્વાસુ અમિત શાહ ૧૧ વાગે

● અનુસંધાન પાન-૭ પર

જેણે મનને જીતી લીધું છે... તેને ટાઢ-તડકો, સુખ-દુઃખ, માન-અપમાન બધું સરખું છે

- ધર્મસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૮ | ૯ મે, ૨૦૧૪, શુક્રવાર; વૈશાખ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટસ

### વારાણસીમાં મોદીના વિજય પર ૧૦૦ કરોડનો સટ્ટો

દેશભરની નજર વારાણસીના ચુંટણી જંગ ઉપર કેન્દ્રિત થઈ છે આ બેઠક કોણ અને કેટલા માર્જીનથી જીતશે એ બાબતને લઈને લોકોમાં અટકળો થઈ રહી છે. સટોડિયાઓ પણ આ બાબતે મેદાનમાં ઉતર્યા છે. કાશીના જંગ ઉપર ૧૦૦ કરોડથી વધુનો સટ્ટો રમાઈ રહ્યો હોવાનું અનુમાન છે. બુકી બજારમાં મોદી હોટ ફેવરીટ છે.

### મોદીના ટવીટર પર ૩૮.૯૦ લાખ ફોલોઅર્સ

સોશ્યલ મીડિયાની ત્રણ વિરાટ કંપની ફેસબુક, ટવીટર અને ગુગલ ભારતની લોકસભા ચુંટણીમાં મોટા ખેલાડી તરીકે ઉભરી આવી છે. રાજકીય પક્ષો અને ઉમેદવારો મતદારો સુધી પહોંચવા માટે આ માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે. ટવીટર પર નરેન્દ્ર મોદીના ૩૮.૯૦ લાખ ફોલોઅર્સ છે જેના કારણે તેઓ નંબરવન છે. બીજા ક્રમે કોંગ્રેસના અગ્રણી નેતા શશી થરુર છે જેમના ૨૧.૬ લાખ ફોલોઅર્સ છે. ફેસબુક પર મોદીના ૧.૪૦ કરોડ ફેન્સ છે.

### અમેઠી-અમૃતસરના પરિણામો અંગે ઉત્તેજના

રાજયના કેટલાક ભાજપી નેતાઓ ઉત્તર પ્રદેશની અમેઠી અને પંજાબની અમૃતસર લોકસભા બેઠકના પરિણામોની ખાસ રાહ જોઈ રહ્યા છે. તેનું કારણ એ છે કે અમેઠી બેઠક પરથી સ્મૃતિ ઈરાની અને અમૃતસર બેઠક પરથી અરુણ જેટલી ચુંટણી લડી રહ્યા છે. આ બંને નેતાઓ ગુજરાતમાંથી રાજયસભાના સભ્ય છે. બને લોકસભા ચુંટણી જીતશે તો રાજયમાં તેમની બંને બેઠકો ખાલી જશે. આ બેઠક ખાલી જતા રાજયસભાનું સભ્યપદ મેળવવાની તક ભાજપી નેતાઓ જોઈરહ્યા છે.

# ગાંધીનગરમાં ૫૦ લાખ લીટર પાણીનો વપરાશ વધ્યો

## ગાંધીનગરમાં ઉનાળાના કારણે પાણીનો વપરાશ વધ્યો : પાણીનો પુરતો સપ્લાય આપવા તંત્ર સજ્જ

ગાંધીનગર, તા. ૮

ઉનાળો ખરા અર્થમાં જામી



ગયો છે. ગરમી વધતા શહેરમાં પાણીનો વપરાશ વધ્યો છે. ઉનાળાની સિઝનમાં શહેરમાં પાંચ એમએલડી જેટલો પાણીનો વપરાશ વધ્યો છે.

ગરમી વધતા પાણીનો વપરાશ વધવા માંડે છે. કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે ઘણા લોકો દિવસમાં બે થી ત્રણ વાર ન્હાય છે. વળી ઘણા લોકો ઠંડક મેળવવા માટે બગીચામાં, આંગણામાં પાણીનો છંટકાવ કરે છે. આ સમયગાળા દરમ્યાન કુલર પણ સતત ચાલતા હોવાથી પાણી વધુ વપરાય છે. પાણીનો વપરાશ પીવા માટે પણ સતત વધે છે. ઉનાળામાં પાણીની માંગ વધતા પાટનગર યોજના વિભાગ દ્વારા માંગને પહોંચી વળવા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. નર્મદા કેનાલના પાણીની સાથે ટ્યુબવેલનું પાણી પણ આપવામાં આવે છે. શિયાળાની ઋતુમાં લગભગ માર્ચ સુધી શહેરમાં પાણીની માંગ ૪૭ થી ૪૮ એમએલડી સુધી રહી હતી. તે પછી ઉનાળો જામતા પાણીનો વપરાશ વધવા માંડ્યો છે. હાલમાં લગભગ ૫૨ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવે છે. આમ ઉનાળામાં ૫ એમએલડી એટલે કે ૫૦ લાખ લીટર જેટલા પાણીનો વપરાશ વધ્યો છે.



ઉનાળાની બપોર - ધગધગતી ગરમીમાં એક સ્થાનેથી બીજા સ્થાને અબોલ પશુઓને લઈને ફરતા માલધારીઓ વૃક્ષનો વિસામો મળે ત્યાં આરામ ફરમાવે છે... ગાયો પણ આરામ ફરમાવે અને ગાયોનો ગોવાળ પણ વૃક્ષની છાયે રાહતની પળો પસાર કરે છે... (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ઘ-૫ ઓપન એર થીયેટર અસામાજિક તત્વોનો અડ્ડો બન્યું



(તસવીર : વિપુલ ચૌહાણ)

## બિન ઉપયોગી અને ગંદકીથી ઘેરાયેલા આ થીયેટરમાં રાત્રે દારૂની મહેફીલો જામતી હોવાની પણ બુમ

ગાંધીનગર, તા.૮

ઘ-૫ વિસ્તારમાં સ્થિત ઓપન એર થીયેટર અસામાજિક તત્વોનો અડ્ડો બની રહ્યું છે. રૂ.૫૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલા ઓપન એર થીયેટર ત્રણ વર્ષના અંતે પણ લોક ઉપયોગી બની શક્યું નથી. બીજી તરફ લાખોના ખર્ચ પર પાણી ઢોળ થઈ ગયું હોવાનું સ્પષ્ટ થયું છે. ત્રણ વર્ષના અંતે પણ થીયેટર ભાડેથી મેળવવા તંત્રને એક પણ અરજી સુદ્ધા મળી નથી. ત્યારે જાળવણીના અભાવે ખંડેર બનતા ઓપન એર થીયેટરમાં દુષણો પાંગરી રહ્યા હોવાની બુમ ઉઠવા પામી છે.

શહેરના મધ્ય વિસ્તાર ઘ-૫ ખાતે પાટનગર યોજના વિભાગ દ્વારા અંદાજીત રૂ.૫૫ લાખના ખર્ચે ઓપન એર થીયેટર તૈયાર કરવામાં આવ્યું છે. કલાકારોને સ્ટેજ મળી રહે તેવા આશયથી વિશાળ સ્ટેજ સહીત જરૂરી આનુસંગિક સુવિધાઓ પણ થીયેટરમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. વિશાળ સ્ટેજની સાથે કલાકારો માટે ગ્રીન રૂમ પણ બનાવાયો છે. આ ઉપરાંત જરૂરી લાઈટીગ તેમજ સૌચાલયની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ઓપન એર થીએટર તૈયાર થઈ ગયા બાદ લાંબા સમયના અંતે તેની લોકાર્પણ વિધિ યોજવામાં આવી હતી. જયારે થીયેટરની ફાળવણી અન્વયે ઢગલાબંધ શરતોનું પાલન કરવું પડે તે મુજબના નિયમો પણ વિભાગ કક્ષાએ થી નિયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાડાના દર પણ ઉંચા હોવાનું ધ્યાને આવ્યું છે. બીજી તરફ લગ્ન પ્રસંગ માટે આ થીયેટર ભાડેથી ફાળવવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે. જેના પરિણામે ત્રણ વર્ષના અંતે પણ ઓપન એર થીયેટર સાચા અર્થમાં લોક ઉપયોગી બની શક્યું નથી. બીજી તરફ લાંબા સમયથી બિન ઉપયોગી ભસતા આ થીયેટરમાં અસામાજિક પ્રવૃત્તિઓ થતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ઓપન એર થીયેટરમાં સફાઈના અભાવે ગંદકીના થર જામી રહ્યા છે જયારે આસપાસના શ્રમિકો અહી અડ્ડો જમાવી બેસતા સૌચાલય સહિતની સુવિધાનો દુરુપયોગ થઈ રહ્યો છે. વધુમાં કેટલાક શ્રમિકો રાત્રીના પણ આ જગ્યાએ અડીગો જમાવી બેસતા દારુની મહેફિલ જામતી હોવાનો આક્રોશ પણ ઉભરી રહ્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

મલ્ટીનેશનલ કંપની દ્વારા

ઘરેથી કામ કરવા માટે

રૂબરૂ મળો : નમિતા

97255 32972

81286 36379




